# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-05-2025** **Midday : 2.30 TO 2.35**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

---

## સમાચારનાં અંતે

**આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

--------------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM GUJARAT DAY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના નાગરિકોને **ગુજરાત ગૌરવ દિવસ**'ની શુભેચ્છાઓ પાઠવી છે. શ્રી પટેલે આજે પંચમહાલ જિલ્લાના ગોધરામાં ગુજરાતનાં સ્થાપના દિવસની રાજ્યકક્ષાની ઉજવણીમાં સહભાગી થયા હતા.

# CM PANCHMAHAL

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વિકસિત ભારતના વિઝનને પૂર્ણ કરવાના એક મહત્વપૂર્ણ પગલા તરીકે વિકસિત ગુજરાતના નિર્માણની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો. પંચમહાલમાં વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ અને શિલાન્યાસ પ્રસંગે શ્રી પટેલે જણાવ્યું રાજ્ય સરકાર આદિવાસી સમુદાયો અને આર્થિક રીતે નબળા વર્ગોના ઉત્થાન માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યું કે ગુજરાતે તમામ જિલ્લાઓમાં સિંચાઈ અને પીવાના પાણીની પહોંચ સુનિશ્ચિત કરવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે.

**(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

આ પ્રસંગે શ્રી પટેલે પંચમહાલ જિલ્લામાં 649 કરોડ રૂપિયાના 18 વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. સાંજે રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં SRP ગ્રાઉન્ડ ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે.

# GUJ MAHARASTRA DAY

આજે ગુજરાત અને મહારાષ્ટ્રના સ્થાપના દિવસ છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ,, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહે બંને રાજ્યના લોકોને શુભકામનાઓ પાઠવી હતી.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું હતું કે, ગુજરાતે, તેની આગવી સંસ્કૃતિ, ઉદ્યોગસાહસિકતાની ભાવના અને ગતિશીલતાને કારણે એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી છે અને, રાજ્યના નાગરિકોએ વિવિધ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ પ્રદાન કર્યું છે. તેમણે રાજ્ય પ્રગતિની નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરતું રહે તેવી શુભેચ્છા આપી હતી.

(BYTE : PM GUJARAT DAY)

# PM WAVES

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, આજે ભારત ફિલ્મ નિર્માણ, ડિજિટલ કન્ટેન્ટ, ગેમિન્ગ, ફેશન અને સંગીતનું વૈશ્વિક કેન્દ્ર બની રહ્યું છે. લાઈવ કૉન્સર્ટ સાથે જોડાયેલા ઉદ્યોગ માટે પણ અનેક સંભાવના આપણી પાસે છે.

મુંબઈમાં જિઓ વર્લ્ડ સેન્ટર ખાતે પહેલા વિશ્વ દ્રશ્ય શ્રાવ્ય – મનોરંજન સંમેલન- વેવ્ઝ 2025નો પ્રારંભ કરાવતા શ્રી મોદીએ વેવ્ઝ સંમેલનને કળા અને સંસ્કૃતિની ઉજવણી કરવા માટેનું મંચ ગણાવ્યો. તેમણે કહ્યું, વેવ્ઝ માત્ર એક શબ્દ નહીં પણ લહેર છે.

(BYTE : PM ON GLOBAL HUB)

શ્રી મોદીએ ઉમેર્યું, ભારતમાં અત્યારે ઑરેન્જ ઇકોનૉમીનો ઉદયકાળ છે. કન્ટેન્ટ, ક્રિએટેવિટી અને કલ્ચર એ આ ઑરેન્જ ઇકોનૉમીના ત્રણ પાયા છે. ક્રિએટ ઇન ઇન્ડિયા અને ક્રિએટ ફૉર ધ વર્લ્ડ માટે આ યોગ્ય સમય છે. આજે જ્યારે સમગ્ર વિશ્વ વાર્તા કહેવા માટે નવી રીત શોધી રહી છે. ત્યારે ભારત પાસે હજારો વર્ષોની પોતાની વાર્તાઓનો ખજાનો છે.

# SURENDRANAGAR PHC

સુરેન્દ્રનગર જિલ્લાના વસ્તડી ગામમાં નાયબ મુખ્ય દંડક જગદીશ મકવાણાએ એક કરોડ 70 લાખના ખર્ચે તૈયાર થનાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ડ્રેસીંગરૂમ, લેબોરેટરી, મમતા કલીનીક, લેબરરૂમ, પ્રિઓપરેશન રૂમ, માઇનોર ઓપરેશન થિયેટર, પુરુષ અને સ્ત્રીઓનો અલગ વોર્ડ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ પ્રસંગે શ્રી મકવાણાએ જણાવ્યું કે, ગામડાના લોકોને શહેરની સમકક્ષ આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર થકી લોકોને ઘર આંગણે જ પ્રાથમિક સુવિધાઓ મળી રહેશે.

# JAMNAGAR DABAN

જામનગરના લાલપુર તાલુકાના જોગવડ ગામે જિલ્લા વહીવટી તંત્રએ 715 ચોરસ મીટર જગ્યા પરનું અનધિકૃત દબાણ દૂર કર્યું છે. આ કામગીરી અંતર્ગત એક કરોડ રૂપિયાથી વધુની કિંમતની જમીન ખુલ્લી કરાવાઈ છે. ઉલ્લેખનીય છે કે જોગવડ ગામમાં સરકારી ખરાબાની જમીનમાં વિવિધ આસામીઓ દ્વારા અનધિકૃત દબાણ કરાયું હતું. જે તંત્ર એ દુર કરી પુનઃ સરકારી કબજો મેળવ્યો છે.

# INS SURAT

INS સુરત આજે હજીરા બંદરે આવી પહોંચ્યું છે. ભારતીય નૌકાદળનું આધુનિક યુદ્ધજહાજ 'INS સુરત' ગત 15 જાન્યુઆરીએ દેશને સમર્પિત કરાયું છે. સુરતના નૌકા વેપારના વારસાને સન્માન આપતા ‘INS સુરત’ નામ અપાયું છે. યુદ્ધ જહાજ 'INS સુરત' થકી સુરતના ઐતિહાસિક વારસાને જીવંત માન્યતા અપાઈ છે.

# UN MAHETA HOSPITAL-HEART TRANSPLANT

અમદાવાદની યુ.એન.મહેતા હોસ્પિટલમાં ગત અઢી વર્ષમાં 50 સફળ હ્રદય પ્રત્યારોપણ કરાયા છે. જેમાં 37 પુરુષ, 11 સ્ત્રી અને બે બાળકનો સમાવેશ થાય છે. નોંધનીય છે કે હૃદય પ્રત્યારોપણ બાદ દર્દીના જીવિત રહેવાનો દર વિશ્વ સ્તરે 90 ટકા જેટલો છે. જ્યારે આ હોસ્પિટલમાં સરેરાશ 92 ટકા રહ્યો છે.

યુ.એન.મહેતા હોસ્પિટલમાં આયુષ્માન કાર્ડ અને યુ.એન.મહેતા ફાઉન્ડેશનના સહકારથી 96 ટકા દર્દીઓને નિ:શુલ્ક સારવાર ઉપલબ્ધ થઈ છે. હોસ્પિટલના નિદેશક ડૉ. ચિરાગ દોશીએ જણાવ્યું કે, ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્ર સહિત વિવિધ રાજ્યોમાંથી દર્દીઓ અહીં સારવાર માટે આવે છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે આ સફળતા બદલ યુ.એન.મહેતાની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા હતા.